# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com


**અખબારી યાદી** **તા. ૨૧/૦૮/૨૦૨૬**

હાલના સમયમાં પક્ષીઓની વિવિધ પ્રજાતિઓનું નિકંદન કાઢી ભ્રષ્ટાચાર કરવાની જાણે ગુજરાત યુનિવર્સિટીએ નેમ લીધી હોય એવુ લાગી રહ્યું છે. આ અંગે ગુજરાત યુનિવર્સિટી ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે ૧૯૬૦ થી જે **ગુજરાત યુનિવર્સિટીના બોટનિકલ ગાર્ડન નું જતન કરવામાં આવ્યું તે ગાયબ છે, ત્રણ જેટલા નેચરલ છે વેટલેન્ડ ગાયબ છે.** ગુજરાત યુનિવર્સિટીએ ટેન્ડરના નામે ભ્રષ્ટાચારમાં માઝા મૂકી છે. કુલપતિ બદલાય જાય તો હેતુ , કોન્ટ્રાકટર અને ટેન્ડર બધું જ બદલાય જાય છે. **ગુજરાત યુનિવર્સિટી ના તત્કાલીન કુલપતિ હિમાંશુભાઈ પંડ્યા ના શાસન માં આર્બોરેટમ બનાવવાનું નક્કી કરવા માં આવ્યું હતું અને ૯.૫૫ કરોડ નું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. તે કામ ૧૮ મહિનામાં પુરુ કરવાનું હતું. જેમાં જેપી ઈન્ફ્રાસ્ટ્રકચર ને કોન્ટ્રાક્ટ આપી દેવામાં આવ્યો હતો , જેની કન્સલ્ટિંગ એજન્સી ઑક્ટર્સ નામની કંપની ને કામ આપવા માં આવ્યું હતું.** તે કંપનીએ ત્રણ ડોમ અધકચરા જેવા ઊભા કરી દીધા, કન્સ્ટ્રક્શન કંપની અને કન્સલ્ટન્સી એજન્સી એ કરોડો ખેરવી લીધા. ત્યારબાદ કુલપતિ બદલાયા અને નીરજા ગુપ્તા બન્યા તો તે અલગ કોન્ટ્રાકટ લઈ આવ્યા. જ્યાં આર્બોરેટમ બનાવવાના હતા તેની જગ્યાએ નક્ષત્ર વન નો ૧૫.૫૬ કરોડનો પ્રોજેક્ટ આવી ગયો. તે છ મહિનામાં પુરો કરવાનો હતો ત્યાર બાદ જતન થયેલ બોટનિકલ ગાર્ડન ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. **કુલપતિ નીરજા ગુપ્તા દ્વારા નક્ષત્ર વન નો ૧૫.૫૬ કરોડ કોન્ટ્રાક્ટ  કરણ કન્સ્ટ્રક્શન ને આપવા આવ્યો હતો જ્યારે કન્સલ્ટન્સી માટે ટોર્સન એજન્સી ને રોકવામાં આવી છે.** ગુજરાત યુનિવર્સિટીના બોટની વિભાગના બોટનિકલ ગાર્ડનમાં ૧૫૦ થી વધારે સ્પીસીસ એટલે પ્રજાતિ ના વનસ્પતિ, છોડ અને વૃક્ષ હતા તેમાં કેટલીક દુર્લભ પ્રજાતિ હતી. જ્યાં બોટની અને જીઓલોજીના વિદ્યાર્થીઓ રિસર્ચ કરતા હતા તે ગાર્ડનને યુનિવર્સિટી દ્વારા બુલડોઝેડ કરી દેવામાં આવ્યું. તે ગાર્ડન રાષ્ટ્રીય પક્ષી મોર નું બ્રિડિંગ ઝોન પણ હતું તેવું મોર ના ઘર ને પણ ઉજાડી નાખવામાં આવ્યું છે. એક સમય તે ગાર્ડનમાં ૪૦ થી વધારે મોર સહિત અનેક  ડાઈવર્સ પ્રજાતિ જોવા મળતી હતી અને બોટનીના હેડને જ્યારે પુછવામાં આવ્યું ત્યારે તેમણે જણાવ્યું કે બોટનીકલ ગાર્ડન ઉપર બુલડોઝર ફેરવવાને લીધે રાષ્ટ્રીય પક્ષી મોરના બ્રિડીંગ ઝોનનો સફાયો થયો, તેના બ્રિડીંગમાં ઘટાડો થયો છે અને કુતરાઓ પણ તેમના ઉપર હુમલો કરતા થયા તેના લીધે તેમની સંખ્યામાં ઘટાડો થયો છે જ્યારે મોર એ ભારત દેશનું રાષ્ટ્રીય પક્ષી છે તેને બચાવવું સૌની ફરજ છે પરંતુ યુનિવર્સિટીના સત્તાધીશોને રાષ્ટ્રીય પક્ષીની કોઈ કદર નથી અને બચાવવામાં સત્તાધીશો નિષ્ફળ. વિદ્યાર્થીઓ માટે રિસર્ચ માટે ખૂબ ઉપયોગી હતું. સવાલ એ થાય છે કે જતન થયેલ બોટનિકલ ગાર્ડન ઉપર બુલડોઝર ફેરવવાના આદેશ કોણે કર્યા હતા ? બોટનિકલ ગાર્ડનમાં બનતા એક પણ પ્રોજેક્ટની જાણ બોટની વિભાગના હેડ કે કર્મચારીને નથી અને એક પણ અધિકારી તે પ્રોજેક્ટમાં સામેલ નથી તે ચોંકાવનારું છે.

યોન્ડ ધી ક્લાસ રૂમ નામની બે પુસ્તક યુનિવર્સિટી એ ભૂતકાળમાં છપાવ્યા હતા જેમાં યુનિવર્સિટીમાં ફ્લોરા અને ફોના બાબત ના ચિત્રો સાથે ની કોફી ટેબલ બુક ના ફોર્મેટ માં છપાવી હતી. **ગુજરાત યુનિવર્સિટીમાં તિલકવાળી બતક, રાતી ટોટવી, કાળો કાંચ, કાળી ડોકવાળો ધોળો કાંચ, નાનો કાજિયો જેવી અનેક પ્રજાતિઓ યુનિવર્સિટી ના વેટલેન્ડ માં જોવા મળતી હતી તેમના ફોટો યુનિવર્સિટી ની કોફી બુકમાં છપાયેલ હતા તેવા ત્રણ તળાવો ગાયબ છે.** વિકાસ ના નામે પર્યાવરણનું નખ્ખોદ કાઢવા બેઠા હોય તેવું લાગે અને કટકીખોરી ને ભ્રષ્ટાચાર તે યુનિવર્સિટી માં શિષ્ટાચાર બની ગયા તેવું સ્પષ્ટ લાગે છે. **અલગ અલગ નામે કુલ ૨૫.૧૧ કરોડ ના કોન્ટ્રાક્ટ પછી વિદ્યાર્થીઓ માટે મીંડુ અને પર્યાવરણ નો દાટ વાળ્યો તે અલગ,** સત્તાધીશો શું કરવા બેઠા છે સમજાતું નથી, ઉચ્ચ સ્તરીય તપાસ થવી જોઈએ અને ભ્રષ્ટાચારીઓ ઉપર કડક કાર્યવાહી થવી જોઈએ.

(ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા)

પ્રવક્તા, મો. 9898134146